# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૭ તા.૩૦-૧૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

**વિષયઃ-** **સ્કૂલ એક્રેડિટેશન (વર્ષ ૨૦૨૪-૨૫) અંતર્ગત શાળાઓમાં સ્વમૂલ્યાકન અને વર્ગખંડ અવલોકન આધારીત મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવા બાબત.**

**સંદર્ભઃ-** **૧. ક્રમાંકઃ જીસીઈઆરટી/GSQAC/૨૩૫૭૮-૬૪૧, તા. ૧૬-૧૦-૨૦૨૪**
**૨. ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ પરિપત્ર નં.૫૭, તા.૦૯-૧૧-૨૦૨૪**
**૩. ક્રમાંકઃ જીસીઈઆરટી/GSQAC/૨૦૨૪/૩૦૯૨૮-૩૧૦૫૦ તા. ૨૪-૧૨-૨૦૨૪**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિતપત્ર અન્વયે જણાવવાનું કે, વર્ષ-૨૦૨૪-૨૫ દરમ્યાન ચાર સોપાનમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાનાર છે.

(૧) **સ્વ-મૂલ્યાંકન**
(૨) **વર્ગખંડ-અવલોકન આધારિત મૂલ્યાંકન**
(૩) **રાજયકક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન**
(૪) **ક્રોસ વેરિફિકેશન**

આ સમગ્ર પ્રક્રિયાની સમજ માટેની માર્ગદર્શિકા સંદર્ભ-૨ ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ પરિપત્ર નં.૫૭, તા.૦૯-૧૧-૨૦૨૪ માં આપવામાં આવેલ છે. સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી અસરકારક રીતે થાય તે માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા ઝોનકક્ષાએથી તાલીમ આપવામાં આવેલ છે તેમજ જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુસર ઓનલાઈન કોર્સિસ DIKSHA Portal પર મુકવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્કૂલ એક્રેડિટેશનમાં શાળા અને સીઆરસી કક્ષાએ કરવાની કામગીરી અને જરૂરી QR કોડ આ સાથે સામેલ સંદર્ભિત પત્ર નં.૩માં સામેલ છે તેમજ માર્ગદર્શિકા ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ પરિપત્ર નં.૫૭, તા.૦૯-૧૧-૨૦૨૪માં આપેલ છે આથી સ્કૂલ એક્રેડિટેશન (વર્ષ ૨૦૨૪-૨૫) અંતર્ગત શાળાઓમાં સ્વમૂલ્યાકન અને વર્ગખંડ અવલોકન આધારીત મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવા જણાવવામાં આવે છે. સી.આર.સી.કો.ઓ. દ્વારા જણાવેલ તારીખે શાળાનું સ્વમૂલ્યાંકન પૂર્ણ કરવાનું રહેશે. ઓનલાઈન ડેટા સબમીટ ન થવાના કારણે શાળાના ગ્રેડ ઉપર તેની અસર પડી શકે છે. તો સૂચના અનુસાર ડેટા સબમીટ થવા આવશ્યક છે. ડેટા સબમીટ થયા પછી તેની જાણ સુપરવાઈઝરશ્રીને કરવાની રહેશે.

| **સોપાન** | **શાળા** | **સમયગાળો** |
|---|---|---|
| **સ્વ-મૂલ્યાંકન** | **શાળાના મુખ્ય શિક્ષક** | **૩૦-૧૨-૨૦૨૪ થી તા.૧૩-૦૧-૨૦૨૫** |
| **વર્ગખંડ-અવલોકન આધારિત મૂલ્યાંકન** | **સી.આર.સી.કો.ઓ.** | **૩૦-૧૨-૨૦૨૪ થી તા.૧૩-૦૧-૨૦૨૫** |

બિડાણઃ- સંદર્ભિત પત્ર-૩

તા.૩૦-૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**અગત્યની નોંધઃ-(૧) પરિપત્ર નં.૭૦ તા.૧૨-૧૨-૨૦૨૪ અંતર્ગત રાખવામાં આવેલ આંતરિક ઓડિટના કાર્યક્રમમાં અગાઉ જણાવેલ તારીખ ફેરફાર કરીને નીચે દર્શાવેલ તારીખ મુજબ ઓડિટ કરાવવાનું રહેશે.શાળા, યુ.આર.સી. તથા સી.આર.સી.કો.ઓર્ડિનેટરે નીચે જણાવેલ તારીખે જ ઓડિટ કરાવવાનું રહેશે.**

| **ક્રમ** | **તારીખ** | **ઝોન** | **સમય** | **સ્થળ** |
|---|---|---|---|---|
| **૧** | **તા.૦૩-૦૧-૨૦૨૫** | **પૂર્વ** | **૧૦-૦૦ થી ૫-૦૦** | **બાપુનગર શા.૩ કલ્યાણ કેન્દ્રની સામે, બાપુનગર** |
| **૨** | **તા.૦૪-૦૧-૨૦૨૫** | **ઉત્તર** | | **એસ.આર.પી.શા.૨, સૈજપુર** |
| **૩** | **તા.૦૬-૦૧-૨૦૨૫** | **દક્ષિણ** | | **દાણીલીમડા શા.૩/૪ કનુભાઈની ચાલી, દાણીલીમડા ગામ** |
| **૪** | **તા.૦૭-૦૧-૨૦૨૫** | **પશ્ચિમ** | | **એલિસબ્રીજ શા.૨/૨૪,કર્ણાવતી પગરખા બજાર પાછળ,પાલડી** |

(૨) પરિપત્ર નં. ૭૬-A તા.૨૭-૧૨-૨૦૨૪ અંતર્ગત દોરી ઉતારવા માટે વિદ્યાર્થીઓ ધાબે, અગાસી કે વૃક્ષ ઉપર ન ચડે તેની કાળજી રાખવી અને કોઇ અનિચ્છનીય ઘટના ના બને તેનું ધ્યાન રાખવા જણાવવામાં આવે છે.

તા.૩૦-૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

સત્યમેવ જયતે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક: જીસીઈઆરટી/GSQAC/2024/ 30928 - 31050
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન: (079) 23256808 - 39
ઇ-મેઇલ: gcert12@gmail.com
વેબસાઈટ: www.gcert.gujarat.gov.in
તારીખ:
24 DEC 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ,

શાસનાધિકારીશ્રી તમામ.

**વિષય : સ્કૂલ એક્રેડિટેશન (વર્ષ 2024 – 25) અંતર્ગત શાળાઓમાં સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરી શરુ કરવા બાબત**

**સંદર્ભ : 1. અત્રેની કચેરીની સિંગલ ફાઇલની તા. 30/08/2024ની નોંધ પર માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની મંજૂરી**

**2. ગુણોત્સવ 2.0 માર્ગદર્શિકા – પ્રાથમિક વિભાગ**

**3. ગુણોત્સવ 2.0 માર્ગદર્શિકા – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ 2024 – 25 દરમિયાન નીચે મુજબના ચાર સોપાનમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાનાર છે.

1. **સ્વ-મૂલ્યાંકન**
2. **વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકન**
3. **રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન**
4. **ક્રોસ વેરિફિકેશન**

આ સમગ્ર પ્રક્રિયાની સમજ માટે સંદર્ભ 2 અને 3માં દર્શાવેલ માર્ગદર્શિકાઓ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી - શાસનાધિકારીશ્રીના માધ્યમથી રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલવામાં આવેલ છે.

સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી અસરકારક રીતે થાય તે માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, કેળવણી નિરીક્ષકો, BRC Co.s, CRC Co.s, આશ્રમ શાળાઓના આચાર્યો માટેની એક દિવસીય ઓરિએન્ટેશન તાલીમ આપવામાં આવેલ છે. તેમજ આગામી 26/12/2024 સુધીમાં SVS કન્વીનર્સ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો માટે સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા એક દિવસીય ઓરિએન્ટેશન તાલીમનું આયોજન કરેલ છે. સ્કૂલ એક્રેડિટેશન

પ્રક્રિયા સંબંધે પ્રત્યેક CRC કો-ઓર્ડીનેટર્સ દ્વારા તેમના ક્લસ્ટરની શાળાઓના આચાર્યો અને શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યાં હશે.

આ ઉપરાંત શાળાના આચાર્યશ્રીઓ, મુખ્ય શિક્ષકશ્રીઓ તેમજ CRC કો-ઓર્ડીટર્સશ્રીઓને સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક સંબંધે જરૂરી મર્ગદર્શન મળી રહે તે હેતુથી આ અંગેના ઓનલાઇન કોર્સિસ DIKSHA Portal પર મૂકવામાં આવેલ છે. આમ, શાળાઓમાં સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની સમગ્ર પ્રક્રિયાની સમજ ઊભી કરવા વિવિધ માધ્યમથી પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ 2024 – 25 દરમિયાન યોજાનાર ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) પ્રક્રિયાના ચાર સોપાન પૈકી પ્રાથમિક વિભાગમાં પ્રથમ સોપાનની કામગીરી શાળા કક્ષાએ અને બીજા સોપાનની કામગીરી શાળાના સંબંધિત CRC Co.s દ્વારા કરવાની છે. જ્યારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ બંને સોપાનની કામગીરી શાળા કક્ષાએ કરવાની છે. જ્યારે પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ત્રીજું સોપાન એ શાળા દ્વારા રાજ્યને ઓનલાઇન સબમિટ કરવામાં આવતા ડેટા સંબંધિત છે. શાળા દ્વારા ઓનલાઇન ડેટા સબમિટ ન થવાને કારણે રાજ્ય કક્ષાએ શાળાના ડેટાની અનુપલબ્ધિના કિસ્સામાં શાળાના ગ્રેડ પર તેની અસર પડી શકે છે. આથી શાળાઓ દ્વારા શિક્ષણ વિભાગની સૂચનાનુસાર નિયમિત ડેટા સબમિટ થાય તે આવશ્યક છે.

વર્ષ 2024 – 25 માટે સ્કૂલ એક્રેડિટેશનમાં શાળા અને CRC કક્ષાએ કરવાની કામગીરીનો સમયગાળો નીચે દર્શાવ્યા અનુસાર છે. જેમાં શાળાઓ અને CRC કો-ઓર્ડીનેટર્સ દ્વારા ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) ની માર્ગદર્શિકા અનુસાર નીચે દર્શાવ્યા મુજબની કામગીરી પૂર્ણ કરી તેનો ડેટા સબમિટ કરવાનો રહેશે.

| સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકન | | | |
|---|---|---|---|
| કામગીરીનો સમયગાળો: તા. 30/12/2024 થી તા. 18/01/2025 | | | |
| સોપાન | કામગીરી માટેની જવાબદારી | | |
| | પ્રાથમિક વિભાગ (સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ (સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ) | આશ્રમ શાળાઓ |
| સ્વ-મૂલ્યાંકન | શાળાના મુખ્ય શિક્ષકશ્રી | શાળાના આચાર્યશ્રી | શાળાના આચાર્યશ્રી |
| વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકન | CRC કો-ઓર્ડીનેટર | શાળાના આચાર્યશ્રી | CRC કો-ઓર્ડીનેટર |

ઉક્ત સમયગાળા દરમિયાન તમામ શાળાઓમાં સ્વ-મૂલ્યાંકન અને વર્ગખંડ અવલોકન આધારિત મૂલ્યાંકનની કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે આપની કક્ષાએથી તમામ શાળાઓ અને CRC કો-ઓર્ડીનેટર્સશ્રીઓને સૂચના આપવા તથા જરૂરી ફોલોઅપ લેવા જણવવામાં આવે છે.

**નોંધ: પ્રાથમિક શાળાઓએ સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી માટે GSQAC – Survey Tool (ગુણોત્સવ 2.0 ચેટબોટ)નો ઉપયોગ કરવાનો રહેશે. નીચે આપેલ QR કોડની મદદથી GSQAC – Survey Toolને એક્સેસ કરી શકાશે.**

**GSQAC - Survey Tool**

QR Code

Your friends can now scan the QR code to start using this bot. Try it now!

| | | | |
|---|---|---|---|
| **નિયામક** | **નિયામક** | **નિયામક** | **સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર** |
| **જીસીઈઆરટી** | **પ્રાથમિક શિક્ષણ** | **શાળાઓ** | **સમગ્ર શિક્ષા** |
| **ગાંધીનગર** | **ગાંધીનગર** | **ગાંધીનગર** | **ગાંધીનગર** |

**બિડાણ:** 1. સ્કૂલ એક્રેડિટેશન માર્ગદર્શિકા – પ્રાથમિક વિભાગ

2. સ્કૂલ એક્રેડિટેશન માર્ગદર્શિકા – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ

3. ચેકલિસ્ટ (Excel File) – **માત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે**

4. ગૂગલ ફોર્મની લિંક – **માત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે**

**નકલ સવિનય રવાના જાણ સારુ:**

માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર

**નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી સારુ:**

1. માન. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
2. નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
3. નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર
4. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ